Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર • કીડની • કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો • લીવર • ગેસ્ટ્રો • ગાયનેક-ઈન્ફર્ટિલિટી •
ઈમરજન્સી • લાઈફ સેવિંગ • આઈસીયુ • રૂમેટોજલોજી • ઓર્થો •
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેક્શન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine

We Deal
ONCOLOGY • CHEMOTHERAPHY
NEPHROLOGY • TRANSPLANT
VIROLOGY • HIV • NEUROLOGY
EMERGENCY • ICU • LIFE SAVING
INFERTILITY • GYNECOLOGY
BLOOD PRODUCTS • ORTHO
RHEUMATOLOGY • VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૨૮ ● સળંગ અંક : ૧૦૬૬ ● પ્રકાશિત તા-૧૪-૫-૨૦૨૫,બુધવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૬

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

શ્રી
પટેલ થાળ
100% Vegetarian 100% Hygienic
શ્રી પટેલ
થાળ & રેસ્ટોરન્ટ
ગુજરાતી • પંજાબી • કાઠીયાવાડી



REVIEW US!
Available on Zomato and Swiggy
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
૧૦૮,સ્વનીક આર્કેડ, અર્જુન ગ્રીનની સામે, પ્રગતિનગરથી કે કે નગર રોડ, નારણપુરા, અમદાવાદ.
For Booking M:72028 13411
અમારી બીજી કોઈ શાખા નથી

ADMISSION OPEN for JUNE 2025 (ધો-૧ થી ૧૨)
(Limited Seats Available)

ગુજરાતી માધ્યમ (માધ્યમિક વિભાગ)
હિન્દી માધ્યમ
લાયોનેસ કર્ણાવતી એમ.એચ.હિન્દી હાયર સેકન્ડરી સ્કુલ
પ્રવેશ માટે સંપર્ક કરો
ગણેશ કન્યા વિદ્યાલય
એમ.એચ.હિન્દી પ્રાઈમરી સ્કૂલ
મંગૂબા બાલવર્ગ
Ganesh Kanya Vidyalaya Campus, Nava Vadaj..
સંચાલકશ્રી ડો. અનિતાબેન પટેલ
કેમ્પસની એક મુલાકાત આપનો અભિગમ બદલી શકે છે.
આચાર્યશ્રી દિપકભાઈ પ્રેમજીભાઈ પટેલ

વધુ માહિતી માટે ઓફીસ ખાતે રૂબરૂ સંપર્ક આવકાર્ય છે (સવારે ૮ થી ૧૧)

નવા વાડજની એકમાત્ર અને સર્વશ્રેષ્ઠ હિન્દી માધ્યમની શાળા

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### અમદાવાદમાં રૂ.૮૦થી ૭૫૦ની સુધી વેચાતા કલરફુલ ગોલા અને છીણ

# ઠેરઠેર ગોલાના સ્ટોલ-લારીઓ, સરેઆમ લોકોના આરોગ્ય સાથે ચેડા !!?

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અસહ્ય ગરમીને લીધે શહેરમાં બરફની માંગમાં ઉછાળો આવ્યો છે. અમદાવાદ શહેર અને આજુબાજુમાં આવેલા બરફના કારખાનામાં બરફનું ઉત્પાદન ડબલ કરી દેવામાં આવ્યું છે. બરફના ગોલા માટે બીસ્લીરી બોટલના પાણીમાંથી બરફ બનાવ્યો હોવાનું કહીને ગોલાવાળા ડબલ રૂપિયા લઈ રહી છે. જયારે રૂા.૪૦ થી માંડીને રૂ.૫૦૦ સુધીના બરફના ગોલાનું જુદીજુદી જગ્યાએ વેચાણ થઈ રહયું છે. શહેરમાં અસહ્ય ગરમીમાં ઠેરઠેર બરફના ગોલાની લારીઓ ખુલી ગઈ છે. જેમાં બરફના ગોલામાં વાપરવામાં આવતુ સરબતની બોટલોના ભાવોમાં પણ ૨૫ ટકા સુધીનો વધારો થઈ ગયો છે. મોટાભાગના લોકો બરફના ગોલાની સાથે છીણ ખાવાનું પસંદ કરતા હોય છે. બરફની છીણ રૂ.૧૨૦થી માંડીને ડ્રાયફ્રુટના નામે રૂા.૭૫૦ સુધી મળી રહી છે. એમાંયે કેટબરી છીણ ડ્રાયફ્રુટ છીણ, મલાઈ છીણ હાફુસ, કેરી નાખેલ છીણ, પાન, મીઠી સોપારી વગેરે પ્રકારની બરફની છીણ બજારમાં મળી રહી છે. એએમસીનો આરોગ્ય વિભાગ કયારેય આ ગોલાવાલા કયું પાણી વાપરે છે. તેની ચકાસણી કરતા ન હોવાથી ગરમીમાં ગોલાના ધંધા તેની કિંમતોમાં ભરતી આવે છે. તો લોકોના આરોગ્યમાં ઓટનોો ભય સર્જાયો છે. ગરમી ચરમસીમાએ પહોચતા લોકોમાં બરફના ગોલા આઈસ્ક્રીમ, શેરડીના રસ, લીબુ શરબત સહીતની ઠંડી વસ્તુઓના ખાવાની માગ વધી છે. ઓર્ગેનીક શેરડીનો રસના નામે બજારમાં ડબલ રૂપિયા પડાવી રહયા છે. જયારે લીબુ રૂ.૨૨૫ કિલો મળી રહયા હોવાથી લીંબુ પાણી રૂા.૪૦થી ૫૦ મળી રહયું છે. ઉનાળામાં અસહ્ય ગરમી પડવાને લીધે બજારમાં દરેક વસ્તુઓમાં બરફની જરૂર પડી રહી છે. જોકે, કેટલીક જગ્યાએ વહેલા તે પહેલાના ધોરણે બરફ લેવા જાય તો પતી ગયો હોવાનું જણાવી દે છે. જયારે કેટલીક જગ્યાએ બરફની થેલીમાં જે સામાન્ય બરફ કરતા ડબલ ભાવે મળતી હોય તે ખરીદવાની ફરજ પડી રહી છે. આ ઉપરાંત સામાન્ય દિવસોમાં રૂા.૧૦ મળતી છાશ હાલમાં રૂ.૨૫ થી ૩૫ થઈ ગઈ છે. બજારમાં આઈસ્ક્રીમની માંગ વધી ગઈ હોવાનો વિવિધ ફલેવરના આઈસ્ક્રીમ મળળી રહરયા છે. દર વખતની જેમ આ વખતે પણ આઈસ્ક્રીમના ભાવોમાં આશરે ૨૦ ટકા સુધીનો વધારો થયો હોવાનું વેપારીએ જણાવી રહયા છે.

## જાણો કલરફુલ ગોલાથી થતાં ગેરફાયદા સાવધાન...ક્યાંક કલરફૂલ બરફનો ગોલો તમારા બાળકની તબિયત ના બગાડે...!!

બાળકોની સાથે પુખ્ત વયના લોકો પણ આ ખાવાનું પસંદ કરે છે. આઈસક્રીમની એક વિવિધતા જે ઉનાળામાં બાળકોને સૌથી વધુ આકર્ષે છે તે રંગીન આઈસ ગોલા છે. તે દેખાવમાં પણ ખૂબ જ સુંદર લાગે છે અને જ્યારે ખાવામાં આવે છે ત્યારે તેનો સ્વાદ પણ વધુ સારો લાગે છે. પરંતુ શું તમે જાણો છો કે આ રંગબેરંગી અને આકર્ષક દેખાતા ગોળા તમારા બાળકોને બીમાર કરી શકે છે. આ લેખમાં આપણે જાણીશું કે બરફનો ગોળો બાળકો માટે કેવી રીતે હાનિકારક હોઈ શકે છે.

ગોલાથી થતાં ગેરફાયદા

રંગબેરંગી બરફના ગોળાઓમાં ઘણા પ્રકારના કેમિકલયુક્ત રંગો ઉમેરવામાં આવે છે. આ રંગ મહિનાઓ સુધી તૈયાર કરીને ઉપયોગમાં લેવાય છે. આવી સ્થિતિમાં તે પેટ અને લીવરને નુકસાન પહોંચાડી શકે છે. આંતરડામાં ચેપ લાગી શકે છે. બરફના ગોળા વેચનારા ક્યારેક દૂષિત પાણીનો ઉપયોગ કરે છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. તેનાથી ઉલ્ટી, ઝાડા, ઈન્ફેક્શનનું જોખમ વધી જાય છે.

ઉનાળાની ઋતુમાં ઈન્ફેક્શનનું જોખમ વધારે હોય છે. આવી સ્થિતિમાં આ રંગબેરંગી ગોલા ખાવા નુકસાનકારક કેમિકલ એલર્જીનું મુખ્ય કારણ બની જાય છે.

બરફના ટુકડા ખાવાથી શરદી અને ફ્લૂ થઈ શકે છે. બહારના તડકામાં બરફ ખાવાથી બાળકોને શરદી થવાની શક્યતા વધી જાય છે.

બાળકોના ગળામાં ચેપનું મુખ્ય કારણ બરફનો ગોળો બની શકે છે. તેનાથી બાળકોના ગળામાં દુખાવો અને સોજો આવી શકે છે. આ બરફના ગોળાને કારણે ન્યુમોનિયા અને ટાઈફોઈડ પણ થઈ શકે છે.

બરફના ગોળામાં ઘણા બધા કેમિકલ તેમજ ખાંડ હોય છે. આવી સ્થિતિમાં તેને ખાવાથી દાંતમાં કેવિટી થવાનો ખતરો રહે છે.


## શહેરમાં ચાર મહિનામાં ૬૪૯ ફૂડ સેમ્પલમાંથી માત્ર ૩૦ અપ્રમાણિત

અમદાવાદ, મ્યુનિ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગમાં લાખો રૂપિયાના ખર્ચ કરાય છે. આમ છતાં વિભાગની કામગીરીમાં લાલિયાવાડી જોવા મળી રહ્યું છે. આરોગ્ય વિભાગે છેલ્લા ચાર મહિનામાં ૬૪૯ ફૂડ સેમ્પલમાંથી માત્ર ૩૦ અપ્રમાણિત આવ્યા છે. આમાં ૧૧ ફૂડ સેમ્પલ અનસેઈફ છે અને ૧૯ ફૂડ સેમ્પલ સબસ્ટાન્ડર્ડ છે. શહેરીજનો ફૂડના ઉંચા ભાવ ચૂકવ્યા પછી પણ કેટલાક વેપારીઓ દ્વારા ક્વોલિટી ફૂડ અપાતું નથી. જેની અવાર-નવાર ફરિયાદો થાય છે પરંતુ મ્યુનિ. હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે સાંઠ-ગાંઠ હોવાના લીધે ઓછા કિસ્સામાં પગલાં ભરાય છે. તાજેતરમાં કરાયેલી ફરિયાદોના સંદર્ભમાં તપાસ બાદ બહાર આવેલી વિગતોમાં નહેરૂનગર લક્ષ્મી ગાંઠિયા રથમાં સીલ બંધ પેકેજમાં પાપડી અને મહાવીર જૈન ગૃહ ઉદ્યોગમાં સેવ પૂરી પેકેજમાં કોઈ નિર્દેશ ન હતા. રાજપથ રંગોલી રોડ અર્બન ચોકમાં ૨૯ સ્ટોલની તપાસમાં ૧૦ કિ.ગ્રા અને ૨૦ લીટર બિન આરોગ્યપદ ખાધપદાર્થનો સ્થળ પર નાશ કરાયો હતો અને ત્રણ હજાર વહીવટી ચાર્જ પણ વસૂાયો હતો. જયારે ૩૦ અપ્રમાણિત સેમ્પલમાં ફાયમ્સ, ભુંગળા, રેડ ગ્રેવી, બટર, ઝીલી સેવ-૨૦૦ ગ્રામ, પનીર, માવા બરફી, પનીર, ફાયમંસ, લક્ષ્મણી ચવાણુ, ફરાળી સાબુદાણા, રેટ ચટણી, સોસ, ગાર્લિક ચટણી, પનીર, માવો, દહીં મીડિયમ ફેટ પનીર, પાઈનેપલ શરબત, સ્ટ્રોબેરી આઈસ્ક્રીમ અને રિફાઈન્ડ પામોલિન તેલ (સમોર) સેમ્પલ સબસ્ટાન્ડર્ડ અને અનસેઈફ હતા.

### ૧૧૭ કરોડનો બ્રિજ તૈયાર થતા ૧.૫ લાખ લોકોને ફાયદો

# નારણપુરામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હસ્તે પલ્લવ બ્રિજનું લોકાર્પણ..!!

**૯૨૫ મીટર લાંબો પલ્લવ ઓવરબ્રિજ, બ્રિજની પહોળાઈ ૮.૪૦ મીટર છે અને વાહનચાલકો માટે બંને તરફ કુલ ૯૯ લાઈટ પોલ...**



અમદાવાદ : અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓને ઓછી કરવા અને સમગ્ર વિસ્તારોના વિકાસ માટે એક મોટું પગલું ભરાયું છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ૧૮ મે, ૨૦૨૫ના રોજ અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે અને તે સમયે અનેક મહત્વના વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સૌથી મોટું આકર્ષણ રહેશે રૂ.૧૧૭ કરોડના ખર્ચે તૈયાર કરાયેલો ૯૨૫ મીટર લાંબો પલ્લવ ઓવરબ્રિજ તૈયાર થઈ જવાને પરિણામે અંદાજે દોઢ લાખથી વધુ નાગરિકો, વાહનચાલકોને લાભ થશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, શહેરના હાર્દ સમા ૧૩૨ ફૂટના રિંગ રોડ પર આવેલો પલ્લવ બ્રિજનું લોકાર્પણ ૧૮ મે, ૨૦૨૫ના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ હસ્તે કરવામાં આવશે, એવું અહેવાલો જણાવી રહ્યા છે. આ બ્રિજ નારણપુરા, વાડજ, અખબારનગર અને AEC રોડને સીધા જોડે છે. બ્રિજની પહોળાઈ ૮.૪૦ મીટર છે અને વાહનચાલકો માટે બંને તરફ કુલ ૯૯ લાઈટ પોલ લગાવવામાં આવ્યા છે. ટ્રાફિક ઘસારો ઘટાડવા અને અવરજવર સરળ બનાવવા માટે તૈયાર કરાયેલો આ બ્રિજ હવે દૈનિક દોઢ લાખથી વધુ નાગરિકો માટે મોટી રાહત લાવશે.

આ લોકાર્પણ પ્રસંગે માત્ર પલ્લવ બ્રિજ નહિ, પરંતુ ચીમનભાઈ ઓવરબ્રિજમાં નવું પાક પણ બનાવવામાં આવશે. જેના ખાતમુહૂર્તનો પણ કાર્યક્રમ છે. સાથે સાથે હાઉસિંગ પ્રોજેક્ટ્સનો ડ્રો યોજાશે અને કેટલાય લાભાર્થીઓને મકાનો ફાળવવામાં આવશે.આ વિકાસકામો સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં પરિવહન સુવિધાઓની વ્યવસ્થા સુધરશે, અને નાગરિકો માટે જીવન વધારે સુલભ બનશે. સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા શહેરના માળખાકીય વિકાસ માટે આ પ્રકારના પ્રયાસો સતત કરવામાં આવી રહ્યા છે.

100% PURE VEG PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.


આભાર
OPERATION SINDOOR
પહેલગામનો બદલો પુરો થયો
ભારતીય સેના અને
આદરણીય વડાપ્રધાન
નરેન્દ્રભાઈ મોદીજી
નો
ખૂબ ખૂબ આભાર
ખૂબ ખૂબ અભિનંદન
ભારતીય જનતા પાર્ટી અમદાવાદ
(કર્ણાવતી મહાનગર) ના
નવ નિયુક્ત પ્રમુખ તરીકે
શ્રી પ્રેરકભાઈ શાહ
ની વરણી થવા બદલ
ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છાઓ
રાષ્ટ્ર પ્રથમ....વોકલ ફોર લોકલ
હાઉસીંગ એક પરિવાર
શુભેચ્છકો
હાઉસીંગ એક સમાજ
નવું ઘર તમારું, સપનું અમારું
હાઉસિંગ એક પરિવાર, હાઉસિંગ એક સમાજ
સંદિપભાઈ ત્રિવેદી
(પ્રમુખ, રામેશ્વર એપાર્ટમેન્ટ)
વિશાલ કંથારિયા
(પ્રમુખ, શાંતિ એપાર્ટમેન્ટ)
મનુભાઈ ચૌધરી
(કમીટી સભ્ય, સુરમ્ય એપાટેમેન્ટ)
વિજય કોડવાની
(કમીટી સભ્ય, શાસ્ત્રીનગર)
હાઉસીંગ એપાર્ટમેન્ટ રીડેવલપમેન્ટ ફેડરેશન (HARF)

ઓપરેશન સિંદૂર

## મેરી જાન તિરંગા હૈ...ના સાદ સાથે ૧૩૨ ફુટ રીંગ તિરંગામય

# ૨૨૦૦ ફૂટના રાષ્ટ્ર ધ્વજ સાથે ૨ કિમી લાંબી તિરંગા યાત્રા યોજાઈ



અમદાવાદ : ભારતીય સેનાનાં પરાક્રમને બિરદાવવા અમદાવાદમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું હતું. જેમાં CM, ધારાસભ્યો, કોર્પોરેટરો, મંત્રી સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા. CMએ યાત્રાના પ્રસ્થાન પહેલા ઓપરેશન સિંદૂરને લઈને અને ભારતીય સેનાને ગુજરાતની જનતા તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય સેનાનાં આ પરાક્રમને બિરદાવવા અમદાવાદ મહાનગરપાલિકા અને વિવિધ સંગઠનો દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રાને વાડજ વિસ્તારમાં આવેલા વ્યાસવાડી- ભગવાન પરશુરામ પ્રતિમા પાસેથી ફ્લેગ ઑફ કરાવી હતી. મુખ્યમંત્રીશ્રી ભારતીય તિરંગા સાથે આ તિરંગા પદયાત્રામાં સહભાગી થયા હતા.યાત્રાની શરૂઆત ભગવાન પરશુરામ પ્રતિમાથી વ્યાસ વાડીથી થઈ હતી અને નેશનલ હેન્ડલુમ હાઉસથી રાણીપ મેટ્રો સ્ટેશન થી આર.ટી.ઓ. સર્કલથી જમણી બાજુ થઈ સુભાષચંદ્ર બોઝ સર્કલ ખાતે સમાપન થયું હતું.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. આ આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા છે.તેમણે વધુમાં ઉમેર્યું કે, પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે. એટલું જ નહિ, આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આ ઘટનાઓથી રાષ્ટ્રહિત સર્વોપરિનો ભાવ જાગી ઉઠ્યો છે. એટલું જ નહિ, આપણા સૈન્યએ તિરંગાનું ગૌરવ અને સન્માન વધાર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી હંમેશા કહે છે કે, તિરંગો દેશના લોકોને એક સાથે જોડે છે. આ તિરંગા યાત્રા પણ આપણને એકતાના સૂત્રમાં બાંધી રાખીને રાષ્ટ્રહિત પ્રથમના ભાવને જાળવી રાખતો ખૂબ મહત્વનો અવસર છે તેમ તેમણે જણાવ્યું હતું.મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે, આ તિરંગા યાત્રા એ દેશની એકતા, અખંડિતતા જાળવવાની સાથે આપણી સેનાનું મનોબળ વધારતી યાત્રા છે.

તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે દુનિયાને બતાવી દીધું છે કે ઝીરો ટોલરન્સ અગેઈન્સ્ટ ટેરરિઝમની નીતિને તે કોઈપણ ભોગે વળગી રહેવા પ્રતિબદ્ધ છે.આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે આ તિરંગા યાત્રામાં જોડાઈને તેમનું મનોબળ વધારવાના આ સફળ આયામને તેમણે બિરદાવ્યો હતો.

આ તિરંગા યાત્રામાં રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, સાંસદ, સ્થાનિક ધારાસભ્યો, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની તથા વિવિધ સંસ્થાઓના પ્રમુખો, સંતો-મહંતો, અમદાવાદના કાર્યકર્તાઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# અમદાવાદની ત્રણ આરટીઓ કચેરીમાં અંદાજે ૬૬ હજાર આરસી-લાઈસન્સ બુકનો ઢગલો

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અમદાવાદની ત્રણ આરટીઓ કચેરીમાં અંદાજે ૬૬ હજાર આરસી બુક અને વાહનની લાઈસન્સ બુકનો ઢગલો છે. કેટલાક ડોકયુમેન્ટથી વર્ષોથી રીટન આવીને પડાયા છે. જે લેવા આવ્યા નથી. ત્રણેય આરટીઓમાં મળીને રોજ સરેરાશ ૫૭ આરસી બુક અને ૧૫૦ લાઈસન્સ બુક રીટર્ન આવે છે. રીટર્ન ડોકયુમેન્ટ લઈ આવા અંગે પોસ્ટ વિભાગના એક જ જવાબ હોય છેકે, ઘર બંધ છે. અથવા તો ઘરે કોઈ નથી. પોસ્ટ વિભાગની દલીલની લોકોને ભારે પરેશાની ભોગવવી પડે છે. અમદાવાદમાં સુભાષબ્રીજ આરટીઓમાં ૪૦ હજાર આર.સી.બુક રોજ ૧૦૩ રીટર્ન અને ૧૦ હજાર વાહન લાઈસન્સની બુક રોજ ૫૦ રીટર્ન વસ્ત્રાલમાં ૨૦ હજાર આર.સી. બુક રોજ ૪૦ રીટર્ન અને ૪૫૦૦ લાઈસન્સ બુક રોજ ૭ રીટર્નને બાવળળા આરટીઓમાં ૬ હજાર આર.સી. બુક અને ૨ હજાર લાઈસન્સ બુક રીટર્ન રોજ ૧૫ આવીને પડી છે. જેની સામે ત્રણેય આરટીઓમાં રોજ આવીને આર.સી.બુક અને લાઈસન્સ બુક થઈ જનારની સંખ્યા અંદાજે ૧૭૫ લોકોની છે. વાહન માલીકે નવું વાહન ખરીદે અથવા વાહન ટ્રાન્સફર કરાવે ત્યારે પછી આર.સી. બુક સાત દિવસમાં ઘરે આવી જવાનો નિયમ છે. આવી જ રીતે નવું લાઈસન્સ રીન્યુ ડુપ્લીકેટ અને સુધારા-વધારા કરાયેલું લાઈસન્સ પણ પોસ્ટ મારફત સાત દિવસમાં ઘરે આવે છે. વાહનમાલીક અને લાઈસન્સધારક પણ આરટીઓના ડોકયુમેન્ટ ઘરે સમયસર મળી જાય તેવી આશા રાખે છે. પરંતુ પોસ્ટ વિભાગ દ્વારા આર.સી. બુક અને લાઈસન્સ બુક સંબંધીત માલીકને મળી જાય તેવું નકકરર આયોજન કરાતું નથી. જેના લીધે આરટીઓમાં રીટર્ન આવેલી આર.સી. બુક અને લાઈસન્સ બુકનો ઢગલો થઈ ગયો છે.

### ઘર બંધ છે અથવા તો ઘરે કોઈ નથી, તેવી પોસ્ટ વિભાગની દલીલથી લોકોને પરેશાની

અમદાવાદ : વાહન માલીક અને લાઈસન્સધારક પારવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કંપની કે પોસ્ટ વિભાગના લીધે ડોકયુમેન્ટ ન મળે તો નવાનો ખર્ચ ભોગવવો પડે તે ખોટું છે વાહન માલીક અને લાઈસન્સધારકે કહયું કે, આર.સી.બુક લાઈસન્સ શોધવા આરટીઓમાં જઈએ છે. ત્યારે આરટીઓ ડોકયુમેન્ટ ના મળે તો પોસ્ટ વિભાગમાં ધકકો ખાવો પડે છે. આરટીઓમાં કે પોસ્ટ વિભાગમાં ન મળે તો નવા ડોકયુમેન્ટનો ખર્ચ સંબંધીત માલીકને ભોગવવો પડે છે. ખરેખર તો ડોકયુમેન્ટ ડીસ્પેચનું કામ કરતી કંપની પણ ઘણીવાર ખોટું એડ્રેસ લખી કાઢે તો મળતું નથી.







NIRMAN REALTY
Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

### ધારાસભ્ય અને વોર્ડ કમિટીની બેઠકની રજુઆતના પગલે

# નારણપુરામાં રીડેવલપમેન્ટને ધ્યાનમાં લઈ પાણીની નવી ટાંકી બનાવવામાં આવશે

## રૂ.૨૩ કરોડનો ખર્ચ થશે : ૫૦ હજાર લોકોને લાભ મળશે

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : શહેરના નારણપુરા વિસ્તારમાં હાઉસિંગ બોર્ડની જૂનીરૂ સોસાયટીઓના રી ડેવલોપમેન્ટ થઈ રહ્યા છે જેના કારણે આ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા અપગ્રેડ કરવાની જરૂરિયાત ઉભી થઇ છે. જેને ધ્યાનમાં લઈ અહીં અંદાજે ૫૦ હજાર નાગરિકો ને લાભ મળે તે રીતે પાણીની નવી ટાંકી બનાવવા નિર્ણય કરવામાં આવ્યો છે. પશ્ચિમઝોનના નારણપુરા વોર્ડમાં વિવેકાનંદ સર્કલ થી એઈસી બ્રીજ થઈ એઈસી ચાર રસ્તા થી ભૂયંગદેવ ચાર રસ્તાથી વિવેકાનંદ સર્કલ વિસ્તારમાં ગ્રીન બેલ્ટ વિસ્તાર આવ્યો હતો. જેમાં ટી.પી. સ્કીમ અમલમાં મુકી વિકાસ પરવાની આપવામાં આવી છે. જેથી આ વિસ્તારમાં વર્ટીકલ ડેવલપમેન્ટ ચાલુ થયું છે. તથા જુની હાઉસિંગ બોર્ડની જુની સોસાયટીઓની જગ્યાએ રી-ડેવલપમેન્ટની કામગીરી પણ ચાલું છે. તેથી થનાર વિકાસને ધ્યાનમાં લઈ વોટર સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપ કરવું જરૂરી છે. આ વિસ્તારમાં નવું વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન બનાવવા માટે વોર્ડમાં યોજાયેલ વોર્ડ કમિટિની બેઠકમાં તથા ધારાસભ્ય (નારણપુરા વિધાનસભા) દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવે છે. નારણપુરા વિસ્તારમાં નવી બનતી સ્કીમોમાં હાલમાં ખાનગી બોરવેલ દ્વારા પાણી મેળવવામાં આવે છે. આ વિસ્તાર ટ્રાન્ઝીટ ઓરીએન્ટેડ ઝોનમાં આવતો હોઈ તેમાં મળતી એફએસઆઇના લીધે ખૂબ જ વર્ટીકલ ડેવલપમેન્ટ થઈ રહયુ છે.તેથી નારણપુરા વોર્ડમાં વિવેકાનંદ સર્કલ થી એઈસી બ્રીજ થઈ એઈસી ચાર રસ્તા થી ભૂયંગદેવ ચાર રસ્તાથી વિવેકાનંદ સર્કલ વિસ્તારમાં ગ્રીન બેલ્ટ વિસ્તારમાં અંતિમ ખંડ નં.૬૧૦/૧ માં ભૂગર્ભ ટાંકી બનાવવાનું આયોજન છે મ્યુનિસિપલ વોટર સપ્લાય કમીટી ચેરમેન દિલીપભાઈ બગરિયા ના જણાવ્યા મુજબ નારણપુરા માં ૬૬.૩૦ લાખ લીટર ક્ષમતાની પંપહાઉસ સાથેની ભૂગર્ભ ટાંકી, કમ્પાઉન્ડ વોલનું સીવીલ કામ કરવામાં આવશે. તેમજ જરૂરીયાત મુજબ ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક નાંખવાની કામગીરી, વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનમાં સરફેસ વોટર વિવેકાનંદ સર્કલ જાસપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની હયાત ૪૫૦ મીમી વ્યાસની લાઇનમાં જોડાણ કરી મેળવવામાં આવશે.જેના માટે અંદાજેરૂા.૨૩ કરોડનો ખર્ચ થશે.આ કામનો જીડબલ્યુએસએસબી એસઓઆર ૨૦૨૨-૨૩, આર. એન્ડ બી.એસઓઆર ૨૦૨૩-૨૪ અને વોટર પ્રોજેકટ એસ.ઓ.આર. ૨૦૧૬ ના ભાવ આધારીત અને નોન એસ.ઓ.આર. આઈટમોનું રેઈટ એનાલીસીસ કરી અને ડી.આઈ. પાઈપના મટીરીયલ્સના ભાવ સેન્ટ્રલ સ્ટોર્સ સરક્યુલર-૮ ના ભાવ આધારીત ગણતરી કરવામાં આવ્યો છે.

# અમદાવાદના આ બે રસ્તાઓને રૂ. ૬૪ કરોડના ખર્ચે આઇકોનિક રોડ તરીકે વિકસાવાશે

## કુલ ૬૪ કરોડના ખર્ચે બંને રોડની લંબાઈ બે-બે કિલોમીટર જેટલી છે. પાર્કિંગ, સેન્ટ્રલ વર્જ, અત્યારે આધુનિક બસ સ્ટેન્ડ વગેરે જેવી સુવિધાઓ

અમદાવાદ : અમદાવાદમાં શાહીબાગ વિસ્તારમાં અને નરોડા રેલવે ઓવરબ્રિજથી એસ.પી. રિંગ રોડ સુધીના રોડને આઇકોનિક રોડ તરીકે ડેવલોપ કરવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. કાંકરીયા પિકનિક હાઉસ પાસે નાગરિકો માટે ફૂડપાર્ક બનશે.ત્રણ પ્રકારની ફૂડ સ્ટોલ વેપારીઓને ફાળવવામાં આવશે. ટોયલેટ બ્લોક અને પાર્કિંગ સહિતની સુવિધાઓ સાથે ફૂડપાર્ક બનાવવામાં આવનાર છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ મ્યુ કોર્પોરેશનના રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીના ચેરમેન જયેશ પટેલે જણાવ્યું હતું કે, શહેરના શાહીબાગ વિસ્તારમાં ગિરધરનગર બ્રિજથી ઘેવર સર્કલ થઈને ડફનાળા સર્કલ સુધીનો રોડ જયારે પૂર્વ વિસ્તારમાં એસ.પી. રીંગ રોડથી હિંમતનગર અને ઉત્તર ગુજરાતથી આવનારા લોકોના પ્રવેશ દ્વાર એવા એસ.પી. રીંગ રોડથી નરોડા રેલવે ઓવરબ્રિજ સુધીના બ્રિજને આઇકોનિક રોડ ડેવલોપ કરવામાં આવનાર છે. બંને રોડની લંબાઈ બે-બે કિલોમીટર જેટલી છે. પાર્કિંગ, સેન્ટ્રલ વર્જ, અત્યારે આધુનિક બસ સ્ટેન્ડ વગેરે જેવી સુવિધાઓ તેમાં રાખવામાં આવશે.

બંને આઇકોનિક રોડ કુલ ૬૪ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. આઇકોનિક રોડમાં મોડર્ન રોડ ડિઝાઇન, પેડિસ્ટ્રિયન, પાર્કિંગ, પબ્લિક સિટિંગ પાસે બેન્ચ અને સ્ટ્રીટ ફર્નિચર સાથે, ગ્રીનરી અને ફૂલો સાથેનું લેન્ડસ્કેપિંગ વગેરે બનાવવામાં આવશે. શાહીબાગ અને નરોડા વિસ્તારમાં બનનારા આઇકોનિક રોડ બનાવવા માટે રોડ એન્ડ બિલ્ડીંગ કમિટી દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે. રીંગ રોડ પરથી શહેરમાં આવનારા લોકોને પ્રવેશ દ્વાર તરીકે આઇકોનિક રોડ મળશે.

શહેરમાં ઈન્દિરા બ્રિજથી એરપોર્ટ સુધીનો રોડ અને રાજપથ રંગોલી રોડનો આઇકોનિક રોડ તરીકે ડેવલોપમેન્ટ કરવામાં આવ્યો છે, અન્ય બે રોડ પણ બનાવવામાં આવનાર છે. શાહીબાગનો રોડ સિવિલ હોસ્પિટલ, યુ.એન મહેતા અને રાજસ્થાન હોસ્પિટલ તેમજ એરપોર્ટ તરફના જોડાયેલા છે અને નરોડાનો રોડ રિંગ રોડથી શહેરમાં પ્રવેશ થતો હોય છે, જેથી સ્ટ્રીટ ફોર પીપલને રોડ બનાવવામાં આવનાર છે.

# પોલીસ સ્ટેશનમાં જાણ કર્યા વગર ભાડે મિલકત આપનાર ૧૦૦ સામે કાર્યવાહી

હાલની વર્તમાન પરિસ્થિતિને લઈને શહેર પોલીસ એકશન મોડમાં છે. ગુનેગારો અવાર-નવાર ગુનાને અંજામ આપતા પહેલાં શહેરમાં ભાડે મકાન રાખીને કે હોટલમાં રહેતા હોવાથી પોલીસે તકેદારીના ભાગરૂપે મિલકત ભાડે આપીને પોલીસ સ્ટેશનમાં જાણ ન કરનાર સામે ડ્રાઈજી યોજી છે. સાથે જ હોટલમાં રહેવા આવનાર લોકોની રજિસ્ટરમાં એન્ટ્રી ન કરનાર સામે પણ પોલીસે તવાઈ બોલાવી છે તેવામાં શહેરના પશ્ચિમ અને પૂર્વ વિસ્તારમાં બે દિવસમાં આશરે ૧૦૦ લોકો સામે કાર્યવાહી કરાઈ છે. મિલકત ભાડે આપીને પોલીસ સ્ટેશનમાં જાણ ન કરનાર આશરે ૧૦૦ લોકો સામે જાહેરનામા ભંગના ગુના નોંધાયા છે. શહેરમાં બનતા બનાવો દરમિયાન ગુનેગારો ભાડાના મકાનમાં કે હોટલમાં રોકાતા હોવાનું તપાસ દરમિયાન સામે આવે છે. મિલકત ભાડે આપવા અને હોટલમાં રહેનાર લોકોનો ડેટા રાખવો જરૂરી છે. આ પ્રકારની માહિતી પોલીસ સ્ટેશનમાં ન આપનાર લોકો સામે જાહેરનામાં ભંગના ગુના નોંધાયા છે. તેવામાં હાલની પરિસ્થિતિને જોતા અને રથયાત્રાને લઈને શહેર પોલીસે મિલકત ભાડે આપનાર કે હોટલમાં આવતા લોકોની સોફટવેરમા એન્ટ્રી ન કરનાર લોકો સામે કાર્યવાહી હાથ ધરી છે. શહેર પોલીસે યજેલી આ ડ્રાઈવમાં પશ્ચિમ વિસ્તારમાં બે દિવસમાં આશરે ૫૦ ગુના નોંધાયા છે જ્યારે પૂર્વ વિસ્તારમાં પણ મકાન કે દુકાન માલિકો તથા હોટલધારકો સામે પણ પોલીસે ગુના નોંધી તપાસ હાથ ધરી છે. બે દિવસમાં શહેરભરમાંથી આશરે ૧૦૦ લોકો સામે જાહેરનામા ભંગના ગુના નોંધ્યા છે.

Digital India Power To Empower
CSC E-GOVERNANCE SERVICES INDIA LIMITED
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# અમદાવાદના વસ્ત્રાપુર હાટમાં યોજાશે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫"

**અમદાવાદીઓ મન મૂકીને માણશે ગીર, કચ્છ, વલસાડ સહિતની સુપ્રસિદ્ધ રસાયણમુક્ત કેરીની જ્યાફત**

અમદાવાદ : અમદાવાદ અને ગાંધીનગરનાનગરજનો ઉનાળાના બળબળતા તાપ વચ્ચે રસાયણમુક્ત મીઠી કેરીની જ્યાફત હવે ઘર આંગણે જ માણી શકશે. ગુજરાતમાં રસાયણમુક્ત કેરી પકવતા ખેડૂતો કેરીનું વેચાણ સીધું શહેરીજનોને કરીને પોષણક્ષમ ભાવ મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અમદાવાદ ખાતે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે યોજાનાર આ કેરી મહોત્સવનો કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ આવતીકાલે તા. ૧૪ મે, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે. આ પ્રસંગે કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ તેમજ કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. અંજુ શર્મા પણ ઉપસ્થિત રહેશે. આ કેસર કેરી મહોત્સવ આગામી તા. ૧૩ જૂન એટલે કે, એક મહિના સુધી ચાલશે. કેસર કેરી મહોત્સવ૨૦૨૫માં ઉભા કરાયેલા આશરે ૮૫ જેટલા સ્ટોલ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ હૅ તેમજ કેરીનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે. આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતા ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે. કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરી સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર "કેસર કેરી મહોત્સવ" જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઇ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઇ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવા વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં યોજાયેલા "કેસર કેરી મહોત્સવ"માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રેકોર્ડબ્રેક ૨.૭૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની ખરીદી કરી હતી.

# અમદાવાદમાં પાલતૂ શ્વાને ૪ માસની બાળકીને ફાડી ખાધી, ઘટનાના CCTV આવ્યા સામે

અમદાવાદ : શહેરના હાથીજણ સર્કલ પાસે આવેલી રાધે રેસિડેન્સીમાં પાલતું શ્વાને ૪ મહિનાની ઋષિકા નામની બાળકીને બચકાં ભરી લીધાં હતાં. શ્વાને બાળકીને યુવતીના ખોળામાંથી ખૂંચવી લઈ બચકાં ભર્યાં હતાં. ત્યાર બાદ બાળકીને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના ડોકટરે મૃત જાહેર કરી હતી.


પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદમાં હાથીજણની રાધે રેસિડેન્સી ખાતે ગઇકાલે રાત્રે એક ભયાનક ઘટના બની હતી. જેમાં ૪ માસની બાળકીને લઇને તેની માસી એપાર્ટમેન્ટની નીચે બાકડા પર બેઠી હતી. તેની આસપાસ બાળકો રમી રહ્યાં હતા. ત્યારે એક યુવતી અચાનક રોટવીલર બ્રીડના પાલતૂ શ્વાનને લઇને નીકળી હતી. યુવતી ફોન પર વાત કરી રહી હતી અને અચાનક જ કૂતરાએ હુમલો કરી દીધો. જેના કારણે કારણે તેના હાથમાંથી કૂતરું છુટી ગયું અને તેણે ૪ માસની બાળકી પર એટેક કરી દીધો હતો. કૂતરાએ બાળકી પર હુમલો કરતાં બાળકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેથી તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. કમ નસીબે સારવાર દરમિયાન બાળકીનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જ્યારે પાલતુ શ્વાનના એટેકથી ફલેટના રહીશોમાં પણ ફફડાટ જોવા મળ્યો. આ આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે.

કોર્પોરેશનની ટીમ પણ ત્યાં તપાસ માટે આવી હતી. જેમા તેમણે જણાવ્યુ હતુ કે, પાલતું શ્વાનનું કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. એટલે આપણે પહેલા જોઈશું કે આ માલિકે પોતાના પાલતું શ્વાનનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે કે નહીં.આ ગોઝારી ઘટના બાદ ત્યાં રહેતા લોકોનો રોષ ભભૂક્યો છે. સ્થાનિકોની એક જ માંગ છે કે, અમારી સોસાયટીમાં અમારે એક પણ શ્વાન ના જોઈએ. આ ઘટનામાં કડકમાં કડક સજા થાય તેવી અમારી માંગ છે.










nted at Shree C
ished from D-2
ditor - BHARGA